# હનુમાનજી મહારાજ સકલ કલા ગુણધામ છે - મોરારિબાપુ

## તલગાજરડામાં હનુમંત મહોત્સવ અને એવોર્ડ સમારોહના સમાપનમાં મોરારિબાપુએ કર્યું ઉદબોધન







તલગાજરડા,તા.૨૪

પ્રતિવર્ષ હનુમાન જયંતીના પાવન પર્વના અવસરે યોજાતો હનુમંત મહોત્સવ ચાલુ વર્ષે ૪૭માં મણકા સુધી પહોંચ્યો હતો. ચાલુ વર્ષે આ આ મહોત્સવ ચિત્રકૂટ ધામ તલગાજરડા ખાતે તારીખ ૨૧ થી પ્રારંભ થઈને તારીખ ૨૩ એપ્રિલના ચૈત્ર સુદ પૂનમના દિવસે પુ. મોરારિબાપુની પાવન સંન્નીધિથી અને તેઓના આશીર્વાદથી સંપન્ન થયો.


આ મહોત્સવમાં ૨૧ તારીખના રોજ રાજેન્દ્ર પ્રસન્નાનું શાસ્ત્રીય બાંસુરીવાદન અને પંડિત વિજય ઘાટેનું શાસ્ત્રીય તબલા વાદન પ્રસ્તુત થયું. તા.૨૨ના રોજ સુશ્રી પદ્મા તલવારકરનું શાસ્ત્રીય ગાયન રજૂ થયું. ૨૩ મીના હનુમાન જયંતીના પવિત્ર અવસરે ચિત્રકૂટ ધામમાં સવારે સુંદરકાંડનો પાઠ થયો. ત્યારબાદ દેશભરના વિવિધ કલાના સાધકોને બિરદાવતો એવોર્ડ સમારોહ પૂ. મોરારિબાપુના હસ્તે સંપન્ન થયો.

પુ.મોરારિબાપુએ આ અવસરે જણાવ્યું કે મારા માટે પાંચ દિવસો ખૂબ મહત્વના છે. જેમાં શિવરાત્રી, રામ નવમી, હનુમાન જયંતી, જન્માષ્ટમી અને ગુરુપૂર્ણિમાનો સમાવેશ થાય છે. હનુમાનજી મહારાજની સાથે ચાર અંક વધુ જોડાયેલો છે. જેમાં આપણે ચાર પુરુષાર્થ ધર્મ, અર્થ,કામ, મોક્ષને ગણી શકીએ. ચાર કર્મોને પણ તેમાં સમાવિષ્ટ કરી શકીએ. હનુમાનજી મહારાજ એ સ્વયં શંકરના રુદ્ર અવતાર છે. તેથી તેનું સતયુગ,ત્રેતા યુગ, દ્વાપરયુગ અને કલયુગમાં પણ અલગ અલગ રીતે મહત્વ છે. કલયુગમાં હનુમાનજીની હાજરી કથામાં હોય છે. હનુમાનજી મહારાજ સકલ કલા ગુણધામ છે. તેથી અમોને આ બધાં જ કલા સાધકોની સાધનાને વંદન કરવાનો અવસર આજના દિવસે પ્રાપ્ત થાય છે એ આપણા માટે સૌ માટે આનંદની વાત હોય છ. આપ સૌ માટે પુનઃ તે વાતનો રાજીપો વ્યક્ત કરું છું.

કાર્યક્રમમાં મહાભારત સીરીયલમા દ્રોપદીના પાત્રમા કામ કરી ચૂકેલા રૂપા ગાંગુલીજી ઉપસ્થિત હતા અને તેમણે જ્યારે નટરાજ એવોર્ડ સ્વીકાર્યો ત્યારે તે ખૂબ ભાવુક થઈને આ મંગલ અવસર માટે અહીં આવી શક્યાનો આનંદ વ્યક્ત કર્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ, ગાયક હરિશ્ચંદ્રભાઈ જોશી એ કર્યુ હતું. વ્યવસ્થા અને આયોજન જયદેવભાઈ માંકડે સંભાળ્યું હતુ. દેશ-વિદેશના કલા સાધકો,સાહિત્ય રસિકો અને કથા પ્રેમીઓ ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત હતાં.

# કળિયુગમાં ઈશ્વર કૃપા મેળવવા કીર્તન, મનન અને ચિંતન અતિ આવશ્યક : સીતારામબાપુ

## શિવકુંજ ધામ અધેવાડા ખાતે ભુરખીયા હનુમાનજીનો જન્મોત્સવ ઉજવાયો





ભાવનગર,તા.૨૪

ભાવનગરની ભાગોળે શિવકુંજ ધામ ખાતે ભુરખીયા હનુમાનજીનો જન્મોત્સવ દિવ્ય રીતે ઉજવાયો હતો. પૂ.સંત સીતારામબાપુની નિશ્રામાં ચૈત્ર શુક્લ પૂર્ણિમા અને હનુમાનજીનો જન્મોત્સવની ભાવભેર ઉજવણી થઈ જેમાં સવારમાં સત્યનારાયણ ભગવાનની કથા ત્યારબાદ હનુમાન ચાલીસા અને સુંદરકાંડના પાઠ કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે વિધિપૂર્વક ભૂદેવો દ્વારા સુંદરકાંડ હોમ કરવામાં આવેલ જેના યજમાન પદે કોડીનારના બ્રહ્મદેવ મુકેશભાઈ મહેતા પરિવાર સહિત રહ્યા હતા.

આ દિવ્ય પ્રસંગે સત્સંગમાં આર્શિવાદ આપતાં પૂ. બાપુએ જણાવેલ કે કળિયુગમાં ઈશ્વર કૃપા મેળવવા કીર્તન, મનન અને ચિંતન અતિ આવશ્યક છે ઈશ્વરના સ્વરૂપનું ચિંતન મનન અને દર્શન કરીએ અને તે વડે કિર્તન કરીએ તો પ્રભુ રિજે છે અને સાધકનું લક્ષ સિદ્ધ કરવા પોતાના આશિષ વરસાવે છે. હનુમાનજી મહારાજની જેમ સંપૂર્ણ શરણાગતિ જેવી ભક્તિ કરીને મનુષ્ય જીવન સાર્થક કરવું જોઈએ એવો સંદેશ આજના દિવસે ખૂબ જ સાર્થક છે.આ પ્રસંગે પૂર્વ શિક્ષણ સચિવ ઝાંઝરૂકિયાજી તથા પૂર્વાચાર્ય બી.જે. દિક્ષીતે પ્રસંગોચિત પ્રવચન કરી ધર્મલાભ લીધેલ.સત્સંગ દરમ્યાન શિવમહિમ્ન, દત્તબાવની, બજરંગ બાણના પાઠ થયેલ અને પૂ.રામેશ્વરાનંદમયી માતાજી અને વરુણાનંદમયી માતાજી એ સ્તોત્ર ગાન અને ભજનોની પ્રસ્તુતિ કરી હતી. તેમજ મહાપ્રસાદની વ્યવસ્થામાં શિવકુંજ માનસ પરિવારના સેવકો જોડાયા હતા .

# ભાવનગર બેઠકની ચૂંટણી માટે ૪૬,૨૦૦ મતપત્ર તૈયાર થશે

## ઈવીએમ માટે મત પત્રો અને ટેન્ડર પત્રનુ છાપ કામ શરૂ, પોસ્ટલ બેલેટ માટે તંત્રએ તૈયારીઓ પૂર્ણ કરી

ભાવનગર,તા.૨૪

ભાવનગર લોકસભા બેઠક પર ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થતાં જ હવે તંત્રએ આગળની તૈયારીઓ હાથ ધરી છે. હાલ મતપત્રોનુ છાપકામ શરૂ હોવાનું તેમજ ઈવીએમ બેલેટ પેપર, ટેન્ડર બેલેટ પેપર અને પોસ્ટલ મત પત્રોનુ છાપ કામ થોડા દિવસમાં પૂર્ણ થઈ જશે અને ત્યારબાદ ઈવીએમ તૈયાર કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

લોકસભાની સામાન્ય ચૂંટણી આગામી તા. ૭ મે યોજાનાર છે. મતદાનને આડે હવે ૧૨ દિવસ બાકી રહ્યા છે ત્યારે ભાવનગર લોકસભા બેઠક પર ૧૩ ઉમેદવાર ચૂંટણી લડવાના છે તે ચિત્ર પણ ક્લીયર થઈ ગયું છે.આથી ઉમેદવાર નક્કી થઈ જતા મતપત્રોનુ છાપકામ શરૂ કરાયું છે. ભાવનગરની બેઠક માટે કુલ ૪૬,૨૦૦ મતપત્રનુ છાપકામ થશે, જેમાં ઈવીએમ બેલેટ પેપર અને ટેન્ડર બેલેટ પેપરનો સમાવેશ થાય છે. ભાવનગર લોકસભા બેઠકમાં કુલ ૧૯૬૫ મતદાન મથક છે અને એક મતદાન મથક પર ૧ ઈવીએમ બેલેટ પેપર તેમજ ૨૦ ટેન્ડર બેલેટ પેપર ફાળવવામાં આવશે. મતપત્રોનુ છાપકામ થોડા દિવસમાં પૂર્ણ થઈ જશે અને ત્યારબાદ ઈવીએમ પર ઈવીએમ બેલેટ પેપર લગાવવાની કામગીરી શરૂ થશે. એક મતદાન મથક પર ૨૦ ટેન્ડર બેલેટ પેપર અધિકારીને ફાળવવામાં આવતા હોય છે અને જો કોઈ વ્યકિત ટેન્ડર બેલેટ પેપર માંગે તો તેમાંથી આપવામાં આવતુ હોવાનુ જાણવા મળેલ છે.

### ત્રણ હજાર પોસ્ટ બેલેટ તૈયાર

ભાવનગર લોકસભા બેઠકની સામાન્ય ચૂંટણીમાં આશરે ૩ હજાર ટપાલ પત્ર (પોસ્ટલ બેલેટ) છપાવવામાં આવ્યા છે. ચૂંટણી કામગીરીમાં રોકાયેલા પોલીસ, હોમગાર્ડ સહિતના તમામ કર્મચારીઓ પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે.

કર્મચારીઓ મતદાનથી વંચીત ન રહે તે માટે કર્મચારીઓને પોસ્ટલ બેલેટ આપવામાં આવશે. ચૂંટણી કામગીરી માટે બહારગામ હોય તેવા કર્મચારીઓ પણ મતદાન કરી શકે તેવુ આયોજન કરવામાં આવેલ છે. ચૂંટણીની તાલીમ દરમિયાન કર્મચારીઓ બેલેટ પેપરથી મતદાન કરી શકશે. આ ઉપરાંત સમય મર્યાદામાં રૂબરૂ અથવા પોસ્ટથી મોકલાવી શકશે.

# ઘોઘાના નવનિર્મિત બાહુબલી હનુમાનજી મંદિરે યોજાયો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

## હનુમાનજી જન્મોત્સવ દિવસે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટ્યા



ઘોઘા,તા.૨૪

ઘોઘા ખાતે જૈન દેરાસર પાસે નવનિર્મિત બાહુબલી હનુમાનજીનાં મંદિરે ગઈ કાલે હનુમાન જન્મોત્સવ દિવસે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયેલ હતો જેમાં ભાવિકોનો માનવ મહેરામણ ઉમટ્યોં હતો.

હનુમાનજી જન્મોત્સવ નિમીતે વહેલી સવારથી ભાવિકજનોં વિશાળ સંખ્યામાં દર્શનાર્થે ઉમટી પડ્યા હતા.હનુમાનજીનીં મૂર્તિને અબીલ ગુલાલ ઉડાડી અને ફુલવર્ષા કરતા કરતા વધાવતા વાજતે ગાજતે જાહેર માર્ગો ઉપર ફેરવી નવનિર્મિત મંદિરે લાવવામાં આવેલ.

અનેરાં ઉમંગ ઉત્સાહભેર આ હનુમાનજીની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયેલ હતો

જેમાં કરાયેલ આયોજન મુજબ ધજા પૂજન, યજ્ઞ હવન, સત્ય નારાયણદેવની મહાપૂજા, મહિલા સત્સંગ, મહાપ્રસાદ અને રાત્રીનાં સંતવાણી જેવા કાર્યક્રમો યોજાયેલ હતા.

આ સમગ્ર હનુમાનજી જન્મોત્સવ અને મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ને સફળ બનાવવા બાહુબલી મિત્ર મંડળના સભ્યોએ ઘોઘાનાં નાગરીકોના સહકાર વડે ભારે જહેમત ઉઠાવી આયોજન સુપેરે પાર પાડેલ હતુ.

# નિચા કોટડા ચામુંડા માતાજીના મંદિરે હવન



તસવીર : મથુર ચૌહાણ

નિચા કોટડા ગામે પૌરાણિક વાવ આવેલી છે તેમની નજીક મધુવન પાખી ચૌહાણ પરિવારના ચામુડામાતાનુ મંદિર બિરાજમાન છે. જ્યાં ચૈત્રી પૂનમ નિમિત્તે હજારો ચૌહાણ પરિવાર ઉમટયા હતા ભૂદેવો દ્વારા હવન કરવામાં આવ્યો હતો મધુવન પાખી ચૌહાણ પરિવાર ગમે ત્યા વસતો હોય ચૈત્ર માસ પુનમના દિવસે કોટડા દર્શનાર્થ આવે છે આજે હજ્જારો લોકો દર્શનાર્થીઓ શ્રધ્ધાભેર ઉમટયા હતા અને હવનની સાથે ભોજન પ્રસાદનો પણ લાભ લીધો હતો.અહીં મેળા જેવુ વાતાવરણ સર્જાયુ હતુ.

# પાળીયાદ વિસામણબાપુની જગ્યામાં હનુમાન જન્મોત્સવની કરાઇ ઉજવણી



બોટાદ, તા.૨૪

બોટાદ જીલ્લાના પાળિયાદ પૂજય વિસામણબાપુની જગ્યામાં હનુમાન જન્મોત્સવ પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી આજના આ પવિત્ર દિવસે સવારે જગ્યામાં મારૂતિયજ્ઞનું અને બપોરે ૩ વાગ્યાથી ૧૦૮ અખંડ હનુમાન ચાલીસા પાઠનું પણ આયોજન કરવામાં આવ્યું હતું આ યજ્ઞમાં અને પાઠમાં જગ્યાના મહંત ૧૦૦૮ મહામંડલેશ્વર નિર્મળાબા,પૂજય ભયલુબાપુ, પૂજય ગાયત્રીબા, પૂજય દિયાબા અને બાળ ઠાકર પૃથ્વીરાજબાપુ સહિત ખુબ મોટી સંખ્યામાં ઠાકરના સેવકો વિહળ પરિવાર અને ગામના સૌ નગરજનો ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા આ પર્વ નિમિત્તો જગ્યાની અત્યાધુનિક ગૌશાળા બણકલ ગૌશાળામાં ગાયોને ૨૫ મણ લાપશી ખવડાવવામાં આવી હતી અને જગ્યામાં સૌ કોઈએ હનુમાન જન્મોત્સવ ઉત્સવને ઉજવી પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

# સ્વામી વિવેકાનંદ સ્કૂલ ટાણાના વિદ્યાર્થીની રગબી નેશનલ ફૂટબોલમાં પસંદગી



ભાવનગર,તા.૨૪

સિહોર તાલુકાના ટાણા ગામની સ્વામી વિવેકાનંદ સ્કૂલ સતત શિક્ષણ ક્ષેત્રે અવિરત પ્રયાસો સહ વિદ્યાર્થીના ઉજળા ભવિષ્ય સાથે તે રમતગમતમાં પણ ગુજરાતભરમાં ડંકો વગાડ્યો છે, ત્યારે આ શાળાનો ધોરણનો ૧૨ના તેજસ્વી વિદ્યાર્થી ગોહિલ શિવરાજસિંહ રઘુવીરસિંહ(ગામ- ટાણા) તાજેતરમાં જ અંડર-૧૯ રગબી ફૂટબોલમાં ગુજરાત ટીમમાં પસંદગી પામ્યા છે. હવે તેઓ ગુજરાતનું નેતૃત્વ કરી ૬૭મી S.G.F.I.(સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા નેશનલ) ચેમ્પિયનશિપમાં તારીખ ૨૧-૪ થી ૨૫-૪ સુધી પૂણે ખાતે ગુજરાત વતી રમશે. શાળાના પી.ટી.શિક્ષક કે.સી.નાંદવા, શાળાના આચાર્ય અશ્વિનભાઈ સોલંકી, રમેશભાઈ પરમાર શાળાના ટ્રસ્ટી ધીરજભાઈ પટેલ, ધર્મેન્દ્રભાઈ પટેલ, સંજયસિંહ પરમાર તથા શાળા પરિવારે ખુબ અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી.

# સત્કર્મ સન્માન સમિતિના ઉપક્રમે કરાયુ અભિવાદન




ભાવનગર, તા.૨૪

ભાવનગરના પ્રબુદ્ધ નાગરિક જીવનને સમાજ ઉપયોગી રાખતી શહેરની ૮ સ્વૈચ્છિક સંસ્થાઓ તથા ૮ સેવાના ભેખધારી નાગરિકોનું સન્માન યોજાઈ ગયું.

ફકત સેવા ભાવનાથી કોઈપણ અપેક્ષા વગર સત્કર્મ કરતાં વ્યક્તિઓ અને સંસ્થાઓને સન્માનવા ભાવનગરના જાણીતા ઉદ્યોગપતિ તથા સામાજિક અગ્રણી જયંતભાઈ વાનાણી તથા પી. એન. આર સોસાયટીના અનંતભાઇ શાહની ઉપસ્થિતિમાં શિશુવિહાર પ્રાંગણ માં તા.૨૦ એપ્રિલના રોજ યોજાયેલ સમારોહમાં ભાવનગરની જાણીતી સેવાભાવી સંસ્થા શિશુવિહારમાં વર્ષ ૧૯૬૦થી ચાલતી દર્દી સાધન સહાય પ્રવૃત્તિ થકી વર્ષ ૨૦૧૦ - ૨૦૨૩ દરમિયાન ૮,૭૫૬ દર્દીઓ સુધી કોમડ ચેર , એરબેડ , વ્હીલચેર , વોકર , બેડપાન, બેડ વગેરે સાધન પહોચાડનાર શિશુવિહાર સંસ્થાના કાર્યકર અનિલભાઈ જોશીનું વિશેષ અભિવાદન મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે થયું. ભાવનગરની ઓળખ સમાન સેવા સુવાસના વિસ્તાર અને કાર્ય માટે પ્રવૃત્તિ ડૉ.નલીનભાઇ પંડિત અને પરેશભાઈ ત્રિવેદી પ્રેરિત સતત પાંચમા વર્ષે યોજાતા કાર્યક્રમમાં શહેરના ૧૫૦ થી વધુ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# શિશુવિહાર બુધસભાની સાંજે ૨૨૮૪મી બેઠક

ભાવનગર,તા.૨૪

વર્ષ ૧૯૮૦થી અવિરત ચાલતી કાવ્યપ્રવૃત્તિ શિશુવિહાર બુધસભાની ૨૨૮૪મી બેઠક તા. ૨૪ ને બુધવારના રોજ વર્ષા જાનીના સંચાલનમા મળશે. જેમાં સ્મરણવંદના અંતર્ગત કવિ દિલહર સંઘવી વિશે કવિ જયેશ ભટ્ટ દ્વારા શબ્દસ્થ કવિના જીવન કવન વિશે રસપ્રદ વાતો કરવામાં આવશે.રસ ધરાવતા ભાવકો અને સાહિત્યપ્રેમીઓને પધારવા જણાવાયું છે.

# અદાલત બહાર સમાધાન થયું હોય તે જામીન અરજીનું કારણ કોર્ટે ફગાવ્યું

ભાવનગર,તા.૨૪

ઘોઘારોડ પો.સ્ટે.ના હત્યાના બનાવમાં સંડોવાયેલા આરોપીએ જામીન મુક્ત થવા માટે કોર્ટમાં અરજી દાખલ કર્યા બાદ તેમાં રજૂઆત કરવામાં આવી હતી કે, કેસમાં સમાધાન થઇ ગયું છે અને મહત્વના સાહેદો હોસ્ટાઇલ જાહેર થયા છે ત્યારે અરજદારને જામીન આપવા જોઇએ. ન્યાયાધીશે બન્ને પક્ષની દલીલ સાંભળ્યા બાદ જામીન અરજી નામંજૂર કરતા નોંધ્યું હતું કે, કોર્ટ બહાર સમાધાન તે જામીન અરજીનું કારણ ગણી શકાય નહી.

ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલા હત્યાના ગુનામાં પોલીસે કપિલ ભરતભાઈ ગોહેલ નામના શખ્સની ધરપકડ કરી હતી. પોલીસ ધરપકડ બાદ હાલ જેલમાં રહેલા આરોપી કપિલે કોર્ટમાં જામીન અરજી મુકી હતી. અરજદાર તરફે રજૂઆત કરવામાં આવી હતી કે, હત્યાના બનાવમાં તેનું નામ સહ આરોપીઓના નિવેદનમાં ખુલ્યું છે. હત્યામાં તેનો કોઇ રોલ નથી. ફરિયાદી પક્ષ સાથે સમાધાન થઇ ગયું છે અને કેસના મહત્વના જે સાહેદો છે તે પણ હોસ્ટાઇલ જાહેર થયા છે ત્યારે અરજદાર લાંબા સમયથી જેલમાં હોય તેની અરજી મંજૂર કરવી જોઇએ.

### ઘોઘારોડ પો.સ્ટે.ના હત્યાના બનાવમાં સંડોવાયેલા આરોપીની જામીન અરજી રદ

જ્યારે સરકાર તરફે રજૂઆત કરવામાં આવી હતી કે, આરોપી સામે ગંભીર પ્રકારનો ગુનો નોંધાયેલો છે અને જો તેને જામીન આપવામાં આવશે તો સાહેદોને પ્રભાવીત કરશે. હાલ ટ્રાયલ ખુબ જ નાજુક તબક્કામાંથી સપાર થઇ રહી છે ત્યારે અરજદારની અરજી નામંજૂર કરવી જોઇએ. ન્યાયાધીશે બન્ને પક્ષની દલીલ સાંભળ્યા બાદ અરજદારની જામીન અરજી નામંજૂર કરતા નોંધ્યું હતું કે, કોર્ટમાં નવ સાહેદને તપાસવામાં આવ્યાં છે અને અન્ય સાહેદોને હજી તપાસવાના બાકી છે. જો જામીન આપવામાં આવશે તો સાહેદોને પ્રભાવીત કરવામાં આવશે. અરજદારને જો જામીન આપવામાં આવે તો ટ્રાયલને પણ વિક્ષેપિત કરવામાં આવશે તેવી સંભાવના નકારી શકાય નહી. આથી જામીન અરજી ફગાવી દીધી હતી.

# રંઘોળામાં હનુમાન જયંતી પર્વે ભાવનાથ મહાદેવ સાનિધ્યમાં યોજાયો લઘુરુદ્ર યજ્ઞ



રંઘોળામાં હનુમાન જયંતી પર્વે ભાવનાથ મહાદેવ સાનિધ્યમાં લઘુરુદ્ર યજ્ઞ યોજાઈ ગયો. હનુમાન જયંતી પર્વે ઠેર ઠેર ધાર્મિક સ્થાનોમાં વિવિધ આયોજનો થયા. રંઘોળામાં પ્રસિદ્ધ ભાવનાથ મહાદેવ સાનિધ્યમાં યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. રંઘોળાનાં કથાકાર શાસ્ત્રી પ્રફુલ્લચંદ્ર આચાર્યનાં આયોજન સાથે લઘુ રુદ્ર યજ્ઞ યોજાઈ ગયો. અહી કથાકાર વૈશાલીબાળા આચાર્ય સાથે ભૂદેવ ભાવિકોનાં સંકલન સાથે આ ધર્મ કાર્ય થયું હતું.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# જિલ્લામાં 'ચુનાવ પાઠશાળા' હેઠળ વિવિધ સ્થળોએ યોજાયા મતદાર જાગૃતિના કાર્યક્રમો

## રેલી, મતદાન અવશ્ય કરવા અંગેના શપથ, સેલ્ફી પોઈન્ટ થકી મતદાન અચૂક કરવાનો અપાયો પ્રેરક સંદેશ












ભાવનગર, તા.૨૪

આગામી તા. ૭ મે ના રોજ ભાવનગર લોકસભાની બેઠકનું મતદાન થનાર છે. જિલ્લામાં મહત્તમ મતદાન થાય તે હેતુસર ભાવનગર જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સ્વીપ કાર્યક્રમ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે.

સ્વીપ કાર્યક્રમ અંતર્ગત મોટા ચારોડીયા અને ખારડી ગામે શાળાના વિદ્યાર્થીઓએ રેલી કાઢી "મત આપવા જઈશું-પોતાની ફરજ નિભાવીશુ", "યુવા શક્તિના છે ત્રણ કામ- શિક્ષા, સેવા અને મતદાન"ના સ્લોગન સાથે તેમજ ગારીયાધાર ખાતે બાઈક રેલી કાઢી મતદાન કરવાનો સંદેશ આપ્યો હતો.

વીરડી, અધેવાડા, ભડભીડ, આંબલા, ટાણા, સરતાનપર અને ઘાંઘળી ગામના ગ્રામજનોએ મતદાન અવશ્ય કરવા અંગેના શપથ લેવાની સાથે રામપર ગામે મનરેગા યોજનાના શ્રમીકોએ "હું અવશ્ય મતદાન કરીશ" એ અંગેની પ્રતિજ્ઞા લીધી હતી. જેસર ગામના ગ્રામજનોએ સિગ્નેચર કેમ્પેઇન થકી મતદાન જાગૃતિનો સંદેશ પુરો પાડ્યો હતો.

ભાવનગર જિલ્લા કલેકટર કચેરી, રાજપરા ખોડીયાર મંદિર સહિતના વિવિધ જગ્યાઓએ નાગરિકોએ, યુવાનોએ સેલ્ફી પોઈન્ટમા ફોટો પડાવી હું અવશ્ય મતદાન કરીશનો પ્રેરક સંદેશ પુરો પાડ્યો હતો.

આ ઉપરાંત ૧૦૩-ભાવનગર ગ્રામ્ય વિધાનસભા મતદાર વિસ્તારના ઘોઘા તાલુકાના આવન - જાવનના જાહેર સ્થળો જેવા કે, હાટકેશ્વર મંદીર ચોક વિસ્તાર, મામલતદાર કચેરી,તાલુકા પંચાયત કચેરી, બસ સ્ટેશન, પ્રવેશદ્વાર (એન્ટ્રી પોઈન્ટ તથા એક્ઝીટ પોઈન્ટ) પર મતદાન તા.૭/૫/૨૦૨૪ ના રોજ અવશ્ય મતદાન કરીએના બેનરો દ્વારા મતદાન જાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવ્યાં હતાં.

અત્રે નોંધનીય છે કે, જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર આર.કે.મહેતાના માર્ગદર્શન હેઠળ તેમજ નાયબ ચૂંટણી અધિકારી આર. એન. ચૌધરીની રાહબરી હેઠળ જિલ્લામાં મહત્તમ મતદાન થાય તે માટે સ્વીપ કાર્યક્રમ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે.

# ભાવનગર-સિહોરના મીઠાઇ, ફરસાણના વેપારીઓ દ્વારા મતદાન જાગૃતિ અભિયાન

## મીઠાઈ-ફરસાણના પેકેટ પર મતદાન કરવાની અપીલ કરતા સ્ટીકર લગાવાયા




ભાવનગર, તા.૨૪

મતદાન જાગૃતિ માટે ભાવનગર તથા સિહોરના મીઠાઈ ફરસાણ વેપારીઓ દ્વારા ફરસાણ તથા મીઠાઈના બોક્સ ઉપર 'ચુનાવ કા પર્વ' ને લગતું સ્ટીકર લગાવી અને મતદાન જાગૃતિનો એક સુંદર પ્રયાસ કરેલ છે. આ નવીનતમ પ્રયાસને લોકોએ આવકાર્યો છે.

આગામી લોકસભા ઈલેક્શનના મતદાનનો દિવસ એ ભારતીય લોકશાહીનું એક મહાન પર્વ છે. આ દિવસ આપણને આપણા મતાધિકારનો ઉપયોગ કરીને દેશના ભવિષ્યની દિશા નક્કી કરવાનો અવસર આપે છે. દરેક મત મહત્વપૂર્ણ છે, અને દરેક ભારતીય નાગરિકનું આ લોકતંત્રની મજબૂતીમાં યોગદાન છે. આ દિવસ આપણને સૌને એકત્રિત થઈને સમૃદ્ધ ભારતની કલ્પનાને સાકાર કરવાની તક પૂરી પાડે છે. મતદાનનો આ દિવસ આપણને યાદ અપાવે છે કે આપણી પસંદ અને આપણા નિર્ણયોનું પરિણામ દેશ કોના હાથમાં હોવો જોઈએ તે નક્કી કરવામાં મદદરૂપ થાય છે. દરેક મતદારનો મત એક અવાજ છે જે દેશના વિકાસની દિશાને આકાર આપે છે. આ દિવસને આપણે ભૂલથી પણ ભૂલીએ નહીં. અને મતદાન અવશ્ય કરીએ.

# કેન્દ્રીય સંચાર બ્યુરો, જુનાગઢ અને જિલ્લા વહીવટી તંત્ર ભાવનગર દ્વારા મતદાર જાગૃતિ અભિયાન

**શેરીનાટક,સ્પર્ધા, વક્તવ્ય, મૌખિક સંદેશ અને પત્રિકા વિતરણ તેમજ શપથ જેવા કાર્યક્રમો થકી અપાશે મતદાર જાગૃતિ સંદેશ**

ભાવનગર, તા.૨૪

ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના સૌરાષ્ટ્ર ઝોન કાર્યાલય કેન્દ્રીય સંચાર બ્યુરો, જુનાગઢ તેમજ જિલ્લા વહીવટી તંત્ર ભાવનગર દ્વારા સંયુક્ત રીતે આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત ભાવનગર જિલ્લામાં મતદાર જાગૃતિ અભિયાનની શરૂઆત થઈ રહી છે. જિલ્લાના શહેરી તથા ગ્રામીણ વિસ્તારમાં મતદારોમાં ચૂંટણી સંદર્ભે જાગૃતતા ફેલાય તેમજ મતદાનની ટકાવારીને ઉંચી લાવવા પ્રચાર પ્રસારના વિભિન્ન માધ્યમોના ઉપયોગ થકી મતદાર જાગૃતિ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.

આ મતદાર જાગૃતિ અભિયાન અંગે જાણકારી આપતા કેન્દ્રીય સંચાર બ્યુરો જુનાગઢના અધિકારી દેવેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે આ અભિયાન અંતર્ગત તારીખ ૨૪ એપ્રિલે ભાવનગર જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ રાજપરા ખોડીયાર મંદિરે સાંજના ચાર કલાકે વિશેષ મતદાર જાગૃતતા કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. તેમજ સાંજના સાત કલાકે ભાવનગર શહેરના મેઘાણી સર્કલ ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાનાર છે. કાર્યક્રમમાં શેરીનાટક, લોકસભા ચૂંટણી સંદર્ભે વક્તવ્ય, મૌખિક સંદેશ, પત્રિકા વિતરણ તેમજ ઉપસ્થિત લોકો સાથે સંવાદ અને વિભિન્ન સ્પર્ધાનું આયોજન હાથ ધરવામાં આવશે. કાર્યક્રમમાં ઉપસ્થિત લોકો અચૂક મતદાન કરવાના સંકલ્પ સાથે લોકશાહીના આ પર્વની ઉત્સાહભેર ઉજવણી કરે તે પ્રકારનું આયોજન આ અભિયાન અંતર્ગત કરવામાં આવી રહ્યું છે. કેન્દ્રીય સંચાર બ્યુરો સાથે જિલ્લા વહીવટી તંત્ર ભાવનગરના સંયુક્ત આયોજન દ્વારા તારીખ ૧ મે સુધી ચાલનાર આ મતદાર જાગૃતિ અભિયાનમાં જિલ્લાના વિભિન્ન વિસ્તારોમાં વધુને વધુ લોકો સુધી મતદાન જાગૃતિનો સંદેશ ફેલાવી આગામી લોકસભા ચૂંટણીમાં લોકો ઉત્સાહભેર ભાગ લે ખૂબ મોટાં પ્રમાણમાં મતદાન થાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવશે.

# "મતદાન અવશ્ય કરીશું" : થળસર ગામે ૧૦૦ મહિલાઓ થઈ સંકલ્પબદ્ધ



**લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર આર. કે. મહેતાના અધ્યક્ષસ્થાને જિલ્લામાં અનેક મતદાન જાગૃતિના કાર્યક્રમો થઈ રહ્યા છે જે અંતર્ગત ભાવનગર જિલ્લાના થળસર ગામે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રોબેશનરી આઈ.એ.એસ. આયુષી જૈન તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જયશ્રીબેન જરૂ દ્વારા બહેનોને મતદાન કરવા અંગે માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા. આ તકે બહેનોએ સુંદર રંગોળીઓ બનાવી હતી તેમજ મતદાન જાગૃતિના સંકલ્પ પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે તાલુકા વિકાસ અધિકારી પી. કે. રાવત અને તાલુકા લાઈવલીહુડ મેનેજર અલ્પાબેન ગોહિલ દ્વારા "મતદાન અવશ્ય કરીશું" શપથ લેવડાવવામાં આવ્યા હતા.**

# ઉમરાળા કોર્ટ કમ્પાઉન્ડમાં વિશ્વ પૃથ્વી દીવસની ઉજવણી નિમિતે કરાયું વૃક્ષારોપણ



ઉમરાળા, તા.૨૪

ઉમરાળા કોર્ટ કમ્પાઉન્ડ ખાતે વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ચેરમેન તાલુકા કાનૂની સેવા સમિતિ ઉમરાળાના એડી.ચીફ.જ્યુ મેજી.વાઘેલા, ઉમરાળા બાર એસોસિએશનના પ્રમુખ, વકીલ મિત્રો, કોર્ટ સ્ટાફ તથા તાલુકા કાનૂની સેવા સમિતિ ના PLV મેમ્બરો,પોલીસ સ્ટાફ, હોમગાર્ડ, GRD જવાનો ઉમરાળા ફોરેસ્ટ સ્ટાફ સહિત સંકલનથી વૃક્ષારોપણ કાર્યકમ યોજાયો હતો.

# અધિકૃત લાયસન્સ ધારક પાસેથી જ ખેડૂતોને બિયારણ ખરીદવા તાકીદ

## છેતરપિંડીથી બચવા ખેતી નિયામક દ્વારા ખેડૂતોને કરાયા સાવધ

ભાવનગર, તા.૨૪

રાજ્યના તમામ ખેડૂતોને આગામી ખરીફ ઋતુમાં વાવેતર માટે બિયારણ ખરીદી કરતી વખતે રાખવાની થતી કાળજી અંગે જણાવવાનું કે, બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ કરવાનો આગ્રહ રાખવો. કોઈપણ સંજોગોમાં લાયસન્સ/પરવાનો ધરાવતા ન હોય તેવા વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ બિયારણની ખરીદી કરવી નહી. જેથી, છેતરપીંડીથી બચી શકાય.

બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પુરુ નામ, સરનામુંઅને જે બિયારણ ખરીદેલ હોય તેનું નામ, લોટ નંબર, ઉત્પાદન અને મુદત પૂરી થવાની વિગત દર્શાવતું બીલ સહી સાથે અવશ્ય લેવું. બિયારણની થેલી સીલ બંધ છે કે કેમ, તેમજ તેની મુદત પૂરી થઈ ગયેલ નથી તે બાબતે ખાસ ચકાસણી કરવી અને કોઈપણ સંજોગોમાં મુદત પૂરી થયેલ હોય તેવા બિયારણની ખરીદી કરવી નહીં. ખાસ કરીને કપાસ પાકના બિયારણની ઘેલી અથવા પેકેટ કે જેના પર ઉત્પાદકનું નામ, સરનામું અને બિયારણના ધારાધોરણો દર્શાવેલ ન હોય તેવા ૪જી અને ૫જી જેવા જુદા જુદા નામે વેચાતા અમાન્ય બિયારણની કોઈપણ સંજોગોમાં ખરીદી કરવી નહીં તેમજ આ પ્રકારના બિયારણ વેચાતા હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક સંબંધિત ખેતીવાડી અધિકારી અથવા જિલ્લાના નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)ને તુરંત જાણ કરવી. વાવણી બાદ ખરીદેલ બિયારણનું પેકેટ/ થેલી તેમજ તેનું બીલ પણ સાચવી રાખવુ જરૂરી છે તેમ નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) ભાવનગરની અખબારી યાદીમાં જણાવાયું છે.

# તલગાજરડાની ભાગવત કથામાં તૃતિય દિવસે દાતાઓનો સન્માન સમારોહ યોજાયો





તલગાજરડા, તા.૨૪

તલગાજરડા ગામે સમગ્ર ગામ સમસ્ત અને પુ. મોરારિબાપુના આશીર્વાદ વચન અને અનુગ્રહથી યોજાયેલી ભાગવત કથા સોમવારે તૃતિય દિવસે ભાગવત કથા તીર્થના સૌને પરમ દર્શન કરાવી વિરામ પામી હતી.

ભાગવત કથાના વ્યાસાસને બિરાજમાન વક્તા અને પ્રભાવી શૈલીમા કથા શ્રવણ કરાવનાર આશિષભાઈ વ્યાસે સમગ્ર ભાગવતનો કથાસાર અને તેમાંથી નિષ્પન્ન જીવનના વિવિધ વળાંકોનું બખૂબી વર્ણન કરે અને સૌને ભાગવત કથા અનુરૂપ જીવનને વ્યતિત કરવા શીખ આપી હતી.

આજે કથામા આ પાવન આયોજનમા સહકાર આપનાર સન્માનીય દાતાઓનુ સ્મૃતિ ચિન્હ આપી અભિવાદન કરવામાં આવ્યું હતું.આ ધાર્મિક ઉત્સવને ગામલોકોએ પોતાનો ઉત્સવ સમજીને ઉપાડી લીધો છે. તા ૨૬ના રોજ કથા વિરામ થશે. દર વર્ષે આવુ સુંદર આયોજન કરવા ગામ લોકોએ નિર્ધાર કર્યો છે. કથા સ્થળે તા. ૨૪ મંગળવારે રાત્રિના સંતવાણી, લોક ડાયરાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

# ૨૬ દિવ્યાંગોને રૂ.૮લાખના સાધનોની સહાય

## પરફેકટ ફાઉન્ડેશન દ્રારા દિવ્યાંગો માટે યોજાયો સાધન સહાય કેમ્પ

ભાવનગર ,તા.૨૪

દિવ્યાંગોના જીવણ ધોરણને ઊચું લાવવા સતત પ્રયત્નશીલ પરફેકટ ફાઉન્ડેશન ભાવનગરના ઉપકમે વિવિધ દાતાઓના સહયોગથી દિવ્યાંગ વ્યકિતઓ પોતાના જીવનમાં સક્ષમ શીર્ષક નીચે એક સાધન સહાય કેમ્પ દિપક હોલ ખાતે યોજાઈ ગયો.

આ સાધન સહાય કેમ્પમાં ભાવનગર તેમજ ગુજરાતનાં અન્ય જિલ્લાઓનાં મળી કુલ ૨૩ દિંવ્યાંગ ભાઈઓ બહેનોએ લાભ લીધો. દિવ્યાંગજનોને અંદાજિત ૮ લાખની કિંમતના પ્રોસ્થેટીક હાથ અને પગ, કેલીપર્સ, વ્હીલચેર, ટ્રાયસિકલ, મોડીફાઈડ ઈ બાઈક વગેરે જેવા સાધનો વિતરીત કરાયા હતા.

કાર્યક્રમમાં દાતાઓ તથા શુભેચ્છકોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડયું. આ પ્રસંગે ભાવવંદના ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંસ્થાના આ સક્ષમ પ્રોજેકટનું નેક નામદાર મહારાજા કૃષ્ણકુમારસિંહજીની પ્રતિમાની પ્રતિકૃતિ આપી સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમને સફળ બનાવવા પરફેકટ ફાઉન્ડેશનના રાજેશભાઈ મહેતા, હિમલભાઈ પંડયા, તુષારભાઈ વડેરા અને હિમેશભાઈ ત્રિવેદીએ જેહમત ઉઠાવી

# સિહોરના વડીયામાં આવેલી ફેકટરીમાં આગનો બનાવ



ભાવનગર, તા.૨૪

સિહોરના વડીયા ગામ પાસે આવેલ એક ફેક્ટરીના ભંગારમાં અચાનક ભઠ્ઠીનો ગરમ પદાર્થ બહાર પડવાથી આગ લાગેલ હતી. જેની જાણ સિહોર નગરપાલિકા ફાયર વિભાગને થતાં તાત્કાલિક ત્યાં પહોંચી ૨૫૦૦ લીટર પાણીનો છંટકાવ કરી આગને કાબૂમાં લીધી હતી.

એક કલાકની ભારે જહેમત બાદ આગને કાબુમાં લેવામાં આવી હતી. જેમાં કોઈ જ પ્રકારની જાનહાનિ થયેલ ન હતી પરંતુ ઔદ્યોગિક ક્ષેત્રે કાઢું કાઢનાર સિહોરના રોલિંગમીલોમાં મેટલ ઓગળવાનું તથા મેટલને લગતી નવી આઈટમ્સ સરિયા, ઈંગોટ, એન્ગલ સહિત આઈટમો બને છે અને ભઠ્ઠીમાં અવારનવાર બ્લાસ્ટ ના બનાવો બને છે અને અનેક મોતને ભેટે છે ત્યારે સેફટી બાબતે અનેક સવાલો લોકો ઉઠાવી રહ્યા છે.

# સોનગઢમાં રામનવમી પર્વની કરાઈ ઉજવણી

ભાવનગર, તા.૨૪

સોનગઢમાં આવેલ રામજી મંદિર ખાતે તાજેતરમાં ભગવાન રામલલ્લાના જન્મ દિવસની ઉજવણી કરાઈ હતી. રામનવમી પર્વે અહી ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતાં. ગામના અગ્રણી વિરેન્દ્રસિંહ ગોહિલ, એલ.એસ. ગોહિલ, જયુભા ગોહિલ (ભુતપૂર્વ સરપંચ), ગુણુભાઈ ખસીયા તેમજ અભુભાઈ ભાલ સહિતનાએ આ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા ગત તા.૯-૧૦-૨૦૧૧ના કરેલ. આ મંદિર નિર્માણમાં મોઢેશ્વરી યુવક મંડળના રમેશભાઈ શાંતિલાલ પારેખે પણ તેમનું યોગદાન આપ્યું હતું.

## અવસાન નોંધ

**ચુંવાળીયા કોળી (ઠાકોર ) મરણ - વરતેજ**

કૈલાસબેન બુધાભાઇ ઉનાવા (ચૌહાણ) (ઉ.વ- ૪૬ ) તા.૨૩ના મંગળવારે સ્વર્ગવાસ પામેલ છે. તે સ્વ. કાંતિભાઇ પાંચાભાઇના નાના ભાઇની પત્નિ થાય તે સ્વ. બુધાભાઇ પાંચાભાઇના ધર્મપત્નિ થાય તે નાથાભાઇ પાંચાભાઇના ભાભી થાય. તથા ધનીબેન બટુકભાઇ મકવાણા (શિહોર)ના ભાભી થાય, તે નિલેશભાઇ તથા રાહુલભાઇ તથા સંગીતાબેન તથા કિંજલબેનના માતુશ્રી થાય.તે લાલાભાઇ તથા નિલેશભાઇ શોભાબેન તથા રમેશભાઇ બાલાભાઇ તથા અશોકભાઇ બાલાભાઇ તથા રમેશભાઇ શામજીભાઇ તથા પ્રવિણભાઇ શામજીભાઇના કાકી થાય તથા મુનાભાઇ નાથાભાઇ તથા સંદીપભાઇ નાથાભાઇના મોટાબા થાય. તે રમેશભાઇ ડાયાભાઇ પરમાર (સાંઢીડા મહાદેવ)ના બેન થાય. તેમના સુંવાળા તા.૨૫ને ગુરૂવારે રાખેલ છે. તેમનું પાણીઢોળ તા.૨૭ને શનિવારે રાખેલ છે. સ્થળ : નાનીયા રોડ, ચત્રભુજના મંદિર પાસે - વરતેજ રાખેલ છે. મો.૬૩૫૧૯૯૬૪૨૧.

